HM Government

NHS

# સાથે મળીને આયોજન કરવું: યોગ્ય સમય હોય ત્યારે હોસ્પિટલ છોડીને જવું

## તમારે હોસ્પિટલ છોડીને જવા માટેનું આયોજન શરૂ કરવાનું શા માટે અગત્યનું છે તે આ પત્રિકા સમજાવે છે.

### મારે હોસ્પિટલ છોડવા માટેની યોજના આપણે અત્યારે કેમ શરૂ કરી રહ્યાં છીએ?

અમારી સર્વોત્તમ અગ્રતા તમને સાજાં થવામાં મદદ કરવાની અને જ્યારે યોગ્ય સમય આવે ત્યારે તમને હોસ્પિટલ છોડીને જવામાં સહાયતા કરવાની છે. તમે ત્યારે જ હોસ્પિટલ છોડીને જશો જ્યારે તમને હોસ્પિટલની સંભાળની જરૂરત નહિ રહે અને તેમ કરવાનું સલામત હશે. તમે સલામત અને યોગ્ય સમયાનુસાર હોસ્પિટલ છોડીને જઈ શકો તેની ખાતરી કરવા માટે આપણે અત્યારથી જ સાથે મળીને તેનું આયોજન શરૂ કરી દઈએ તે અગત્યનું છે.

મોટા ભાગના કેસોમાં તમે ઘરે પાછાં જશો. તમને સાજાં થવામાં મદદ માટે તમને કદાચ વધારાની સંભાળની અથવા વ્યવહારૂ સહાયતાની જરૂર પડી શકે, જેમ કે ખરીદીમાં. જો તમે કેર હોમનાં રહેવાસી હશો તો મોટા ભાગે તમે તમારા કેર હોમમાં પાછાં જશો. જો તમને વધારે જટિલ પ્રકારની સંભાળ અને સહાયનીજરૂરત હશે, તો તે માટે સમાજમાં બીજા કોઈ સ્થળે બેડની સગવડ કરવામાં આવી શકે.

### મારાથી શું અપેક્ષા રાખી શકાય?

**વહેલાસર વાતચીત** - તમે હોસ્પિટલમાં આવશો તે પછી ટૂંક સમયમાં જ તમે ત્યાંથી પાછાં કેવી રીતે જશો તેની આપણે ચર્ચા કરીને આયોજન કરીશું. તમે ઈચ્છતાં હશો તો તે વાતચીતમાં અમે તમારાં કેરરો, કુટુંબીજનો અને/મિત્રોનો પણ સમાવેશ કરીશું.

**'ડિસ્ચાર્જ કરવાની અપેક્ષિત તારીખ'** - તમે હોસ્પિટલમાં આવશો તેના ટૂંક સમયમાં જ તમને 'ડિસ્ચાર્જ કરવાની એટલે કે રજા આપવાની અપેક્ષિત તારીખ' (તમે આશરે કઈ તારીખે હોસ્પિટલ છોડીને પાછાં જશો તે) આપવામાં આવશે, જે વિશે તમારા ત્યાંના રોકાણ દરમ્યાન પુનઃવિચારણા કરવામાં આવશે.

**તમારા માટે જે સૌથી અગત્યની બાબતો હોય તેને ધ્યાનમાં લેવી** - તમારી સંભાળ રાખનારી ટુકડી તમને પૂછશે કે 'તમારા માટે સૌથી અગત્યની બાબતો શું છે?' તમે હોસ્પિટલ છોડીને નીકળો ત્યારનું આયોજન કરતી વખતે તે ધ્યાનમાં રાખવામાં આવે તેની તેઓ ખાતરી કરશે.

### તમારા હોસ્પિટલના રોકાણ દરમ્યાન પૂછવાના પ્રશ્નો:

1. હું હોસ્પિટલમાં કયા મુખ્ય કારણસર છું?
2. મારી સાથે આજે અને આવતીકાલે શું થશે?
3. હું હોસ્પિટલ છોડીને જઈશ ત્યારે મને કદાચ કઈ વધારાની મદદની જરૂર પડશે?
4. હું હોસ્પિટલ છોડીને ક્યારે જઈ શકીશ?